## GREENLAWNS HIGH SCHOOL

2 1/2 HRS

**Subject: Gujarati II Language    Std: VIII A/B/C    Final Examination    Marks: 80**

વિભાગ અ

પ્રશ્ન 1. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (10)

1. સમુદ્ર કિનારે એક સાંજ
2. સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત
3. વૃક્ષો નું જીવન માં મહત્વ
4. શાળા જીવનની યાદો

પ્રશ્ન 2. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર પત્ર લખો. (7)

1. તમે નાતાલ ની રજા માં કંઈક નવુ શીખ્યા બીજાને પણ મદદ કરી તે વિશે તમારા દાદા ને પત્ર લખો.
2. તમારો ભાઈ છાત્રાલય (hostel) માં ભણવા ગયો છે, ત્યાં તેને ગમતું નથી તો તેને ત્યાં રહી અભ્યાસ સારો થશે તે વિશે સલાહ આપતો પત્ર લખો.

પ્રશ્ન 3. નીચે આપેલો ગદ્યખંડ વાંચી પ્રશ્નો ના ઉત્તર લખો. (10)

શહેરની એક શાળામાં અભ્યાસ કરતો નિશાંત નામનો વિદ્યાર્થી ટેક્નોલોજીનો ખૂબ શોખીન હતો. મોબાઇલ, ગેમ્સ અને સોશિયલ મીડિયા તેની દુનિયાનો મોટો ભાગ બની ગયા હતા. એક દિવસ શાળાએ તેને અને તેના મિત્રોને એક શૈક્ષણિક પ્રવાસ માટે શહેરની બહાર આવેલા પર્યાવરણ સંરક્ષણ કેન્દ્રમાં લઈ જવાનું આયોજન કર્યું. શરૂઆતમાં નિશાંતને આ પ્રવાસ બોરિંગ લાગ્યો, પરંતુ ત્યાં પહોંચ્યા પછી તેની વિચારધારા ધીમે ધીમે બદલાવા લાગી.

પર્યાવરણ કેન્દ્રમાં તેમને એક વૈજ્ઞાનિક મળ્યા, જેમણે વિદ્યાર્થીઓને વૃક્ષો, પાણી અને પ્રાણીઓ વચ્ચેના સંબંધ વિશે સમજાવ્યું. તેમણે બતાવ્યું કે કેવી રીતે માનવીની બેદરકારીને કારણે નદીઓ પ્રદૂષિત થાય છે અને વન્યજીવનને નુકસાન પહોંચે છે. નિશાંતને ખાસ કરીને એક તસ્વીર ખૂબ સ્પર્શી ગઈ, જેમાં સૂકાઈ ગયેલી નદી અને તેની આસપાસ તરસતા પ્રાણીઓ દેખાતા હતા. એ દ્રશ્યએ તેને અંદરથી હલાવી નાખ્યો.

પ્રવાસ પછી નિશાંતએ નક્કી કર્યું કે તે પોતાની જીવનશૈલીમાં નાનો પણ મહત્વનો ફેરફાર લાવશે. તેણે પાણી બચાવવાનું શરૂ કર્યું, પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કર્યો અને શાળામાં 'ગ્રીન ક્લબ' શરૂ કરવાની પહેલ કરી. ધીમે ધીમે તેના મિત્રો પણ જોડાયા. નિશાંતને સમજાયું કે બદલાવ માટે મોટી શરૂઆત જરૂરી નથી; સાચી નીતિ અને નાની કોશિશ પણ સમાજમાં મોટો ફેરફાર લાવી શકે છે.

પ્રશ્નો

1. નિશાંતને શરૂઆતમાં શૈક્ષણિક પ્રવાસ વિશે શું લાગ્યું? 1
2. પર્યાવરણ કેન્દ્રમાં વૈજ્ઞાનિકે વિદ્યાર્થીઓને શું સમજાવ્યું? 2
3. કઈ તસ્વીરે નિશાંતને સૌથી વધુ અસર કરી અને શા માટે? 1
4. પ્રવાસ પછી નિશાંતએ પોતાના જીવનમાં કયા ફેરફારો કર્યા? 2
5. આ ગદ્ય ભાગમાંથી તમને કયો મુખ્ય સંદેશ મળે છે? 2
6. ઉપર આપેલી ગદ્ય સમજણને યોગ્ય શીર્ષક આપો. 2

પ્રશ્ન 4. સૂચના પ્રમાણે કરો.

1. નીચે આપેલા રૂઢિપ્રયોગ ના અર્થ લખો. (2)
   a. પરમાણું નાખી આવવું
   b. આડે રસ્તે દોરવું

2. નીચે આપેલા શબ્દ ના બે અર્થ (દ્વિઅર્થી) લખો. (3)
   a. ઘાટ
   b. ચોકડી
   c. જડ

3. નીચે આપેલા શબ્દ સમૂહ ને બદલે એક શબ્દ લખો. (3)
   a. છૂપી વાતો મેળવનાર
   b. ભરવાડ નું ઘર
   c. પાંદડા ખરી પડે તે ઋતુ

4. નીચે આપેલા વાક્યો કયા કાળ ના છે તે લખો. (3)
   a. રમેશ દોડવા માં પહેલો આવ્યો હતો.
   b. બાળકો જમવાના હશે તો વહેલા આવશે.
   c. સખીયો ને મળી આનંદ થાય છે.

5. નીચે આપેલા વાક્યો માં નામ શોધી પ્રકાર લખો. (2)
   a. ઘેટા નું ઝુંડ જઈ રહ્યું છે.
   b. મંગલ શેઠ ખૂબ ચિંતા માં પડી ગયા.

વિભાગ બ

પ્રશ્ન 5. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો. (4)
a. અંદાજે
b. તહેવાર
c. ખ્રિસ્તી
d. આહવાન

પ્રશ્ન 6. નીચે આપેલા વિરોધી લખો. (4)
a. સાર્વજનિક
b. ભોળું
c. અણગમતા
d. સ્વાર્થી

પ્રશ્ન 7. નીચે આપેલા શબ્દો પરથી વાક્ય બનાવો. (4)
a. વિશ્વાસ
b. નોંધ્યા
c. સંકેત
d. ઉજ્જડ

પ્રશ્ન 8. નીચે આપેલા શબ્દો ની ભૂલ સુધારી ફરી લખો. (4)

a. મસ્તમજાણું
b. પરિક્ષણ
c. કરતા હરતા
d. પ્રતયેક

પ્રશ્ન 9. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર એક શબ્દ માં લખો. (5)

a. 'રાયચંદ' પાઠ કઈ પુસ્તિકા માંથી લેવા માં આવ્યો છે?
b. પાઠ 'લવીન આર્મ્સ' દ્વારા જીવનના કયા મૂલ્ય ની રજુવાત કરવા માં આવી છે?
c. બાલમુકુંદ દવે ના બે બાળકાવ્ય સંગ્રહ ના નામ લખો.
d. 'આવ ભાણા આવ' પાઠ ના લેખક નું નામ લખો.
e. અબ્દુલ શેઠ ગાંધીજી ને કયા ધર્મ ના અભ્યાસ માટે લલચાવી રહ્યા હતા?

પ્રશ્ન 10. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર પૂરા વાક્ય માં લખો. (9)

a. 'આવ ભાણા આવ' પાઠ માં હમણાં નું કુટુંબ જીવન અને પહેલા ના કુટુંબ જીવન માં શું તફાવત દર્શાવા માં આવ્યો છે?
b. 'વસુધૈવ કુટુંમ્બકમ' એટલે શું? કવિતા ના આધારે તમારા શબ્દોમાં સમજાવો.
c. રાયચંદ ભાઈ નું પાત્ર લેખન (character writing) લખો.

પ્રશ્ન 11. નીચે આપેલી કંડિકા વાંચી પ્રશ્નો ના ઉત્તર લખો. (10)

"આપણે માણસ ને ગુલામ બનાવી શકતા નથી, તો પ્રાણીઓ ને શી રીતે ગુલામ બનાવીએ?"

a. પાઠ ના લેખક નું નામ લખો. તેમના કોઈ પણ બે પુસ્તક ના નામ જણાવો. (2)
b. શાલીન ને વીગન બનવા ની પ્રેરણા કોની પાસે થી મળી? વીગન એટલે શું? (2)
c. શાલીન ની શી ઈચ્છા હતી? તે શી રીતે પુરી થઇ? (3)
d. શાલીન અભ્યારણ્ય શી રીતે મેનેજ કરતો અને કોણ કોણ શે રીતે મદદ કરતુ? (3)